# દિવસનું તાપમાન ઘટશે ઠંડા પવનો ઠંડીને જમાવશે

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર જિલ્લામાં હવે શિયાળો જામતો જણાશે. દિવસની ગરમીનો પ્રકોપ ઓછો થશે જો કે પવનના સુસવાટાઓ ઠંડીને વધુ જમાવશે.

દાંતીવાડા કૃષિ યુનિ.ના હવામાનશાસ્ત્ર વિભાગ દ્વારા હવામાન પૂર્વાનુમાન અને કૃષિ સલાહ બુલેટીનના અંક નં. ૬૬ માં જણાવ્યા પ્રમાણે ૧૭ નવેમ્બરથી ૨૨ નવેમ્બર દરમ્યાન આકાશ મોટાભાગે વાદળછાયુ રહેશે. વરસાદ પડવાની શક્યતા નથી.

મહત્તમ તાપમાન આ પાંચ દિવસ દરમ્યાન ૨૯ થી ૩૩ ડિગ્રી સે. જ્યારે લઘુત્તમ તાપમાન ૧૯-૨૦ ડિગ્રી સે. રહેવા સંભાવના છે. હવામાં ભેજનું પ્રમાણ ૨૧ થી ૮૪ ટકા રહેવા સંભાવના છે. પવનની સરેરાશ ગતિ ૧૨ થી ૧૭ કિ.મી. પ્રતિ કલાક રહેવાની શક્યતા છે.

ખેડૂતોને રવિ સીઝનની વાવણી વહેલી શરૂ કરવાની સલાહ પણ આપવામાં આવી છે. પશુપાલકોને સલાહ આપતાં આ બુલેટીનમાં જણાવવામાં આવ્યુ છે નવા જન્મેલા વાછરડાઓને ઠંડીમાં રક્ષણ પુરૂ પાડવુ. દૂધાળા પશુઓને રાત્રિ દરમ્યાન ખાસ સુરક્ષિત અને સલામત શેડમાં રાખવા. દૂધાળા પશુઓને નિયમિત ૧ કિ.ગ્રા. ફીડ+૫૦ ગ્રામ ખનિજ તત્વોનું મિશ્રણ આપવુ.



**શહેરની સિવિલમાં રેડીયોલોજી વિભાગમાં ભારે ભીડ**

શહેરની સિવિલ હોસ્પિટલમાં રેડીયોલોજી વિભાગમાં દર્દીઓની ભારે ભીડ જોવા મળે છે. જો કે દર્દીઓને એક્સ-રે સમયસર નીકળે છે અને મળી પણ જાય છે. પરંતુ સોનોગ્રાફી ગણતરીની જ થતી હોવાથી દર્દીઓને વેઈટીંગનો સામનો કરવો પડે છે. ત્યારે સોનોગ્રાફીમાં વેઈટીંગ હળવુ થાય તેવી દર્દીઓમાં માંગ ઉઠવા પામી છે.

# ધો -૧૦ બોર્ડ પરીક્ષાને અનુલક્ષી આગામી ૨૨ નવેમ્બરથી વિદ્યાર્થીઓના ફોર્મ ભરાશે

**વિદ્યાર્થીઓનો આંકડો ફોર્મ ભરવાની પ્રક્રીયાના અંતે આખરી થશે : ધો -૧૦ માં ૨૫ હજાર અને ધો -૧૨ માં અંદાજિત ૧૮ હજાર વિદ્યાર્થીઓ બોર્ડ પરીક્ષા આપશે**

ગાંધીનગર તા ૧૭

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી બોર્ડ પરીક્ષાને અનુલક્ષી ટુંકમાં વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મ ભરાશે. આગામી તા ૨૨ નવેમ્બરથી ધો -૧૦ ના વિદ્યાર્થીઓ માટે પરીક્ષા ફોર્મ ભરાશે જિલ્લામાંથી અંદાજિત ૨૫ હજાર જેટલા વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા આપશે જ્યારે ૧૮ હજાર જેટલા વિદ્યાર્થીઓ ધો -૧૨ ની પરીક્ષા આપશે. આગામી તા ૧૦ ડિસેમ્બરથી ધો-૩ થી ૮ ના વિદ્યાર્થીઓની બીજ સત્રની કસોટી પણ શરૂ થશે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આગામી માર્ચ મહીનામાં લેવાનારી ધો -૧૦ ની બોર્ડ પરીક્ષાને અનુલક્ષી આગામી ૨૨ નવેમ્બરથી ૨૧ ડિસેમ્બર સુધી વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મ ભરવામાં આવશે. હાલની સ્થિતિએ ધો -૧૦ માં અંદાજિત ૨૫ હજારથી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે જયારે ધો -૧૨ માં ૧૮ હજારથી વધુ વિદ્યાર્થીઓ છે કોરોના કાળમાં ગત વર્ષે બોર્ડ પરીક્ષા બંધ રહી હતી જો કે બોર્ડ કક્ષાએ અગાઉની વાર્ષિક કસોટીના આધારે પરિણામ તૈયાર કરી જાહેર કરાયુ હતુ. જયારે આગામી માર્ચમાં લેવાનારી બોર્ડ પરીક્ષાને અનુલક્ષી જિલ્લા શિક્ષણ તંત્રએ તૈયારીઓ શરૂ કરી દીધી છે. આગામી તા ૧૦ ડિસેમ્બરથી ધો -૩ થી ૮ ના વિદ્યાર્થીઓના બીજા સત્રની પરીક્ષા પણ શરૂ થશે. આ પરીક્ષામાં જિલ્લાની ૫૮૦ શાળાના ૮૦ હજાર વિદ્યાર્થીઓને આવરી લેવાશે. બોર્ડ પરીક્ષાના ફોર્મ ભરવાની પ્રક્રીયા પણ ઓનલાઇન થશે. વિદ્યાર્થીઓને શાળાએ બોલાવીને ફોર્મ ભરાવાના રહેશે. ધો -૧૨ સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે પણ ફોર્મ ભરવાની તારીખ પણ ટુંકમાં જાહેર કરાશે. કોરોના કાળમાં શાળાઓ હજુ માંડ માંડ શરૂ થઈ છે. તેમાંય પ્રાથમિક ધોરણો શરૂ થયા નથી બીજીતરફ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં પણ વિદ્યાર્થીઓની હાજરી હજુ ઘટે છે. કોરોના કાળમાં લાંબા સમયના અંતે શાળાઓ શરૂ થયા બાદ પ્રત્યક્ષ શિક્ષણની સાથે ઓનલાઇન શિક્ષણ પણ ચાલુ હોવાથી ઘણાંખરા વાલીઓ વિદ્યાર્થીઓને શાળાએ મોકલવાનુ ટાળવાની સાથે ઓનલાઇન શિક્ષણ પધ્ધતિ જ યથાવત રાખવા માટે આગ્રહ કરે છે. એકબાજુ કોરાનાની સંભવિત ત્રીજી લહેરનો ખતરો પણ માથે જળુંબી રહ્યો છે. જો કે હવે કોરોનાનુ સંક્રમણ કાબુમાં હોવાથી દિવાળી બાદ બીજા શૈક્ષણિક સત્રના પ્રારંભે શાળાઓમાં વિદ્યાર્થીઓની હાજરી નોંધપાત્ર હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે.

# નથુરામ ગોડસેની પ્રતિમા મામલે રાજકારણ ગરમાયું

ગાંધીનગર, તા.૧૭

રાજયના જામનગર શહેરમાં નથુરામ ગોડસેની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ નથુરામ ગોડસેની પ્રતિમાને તોડી પાડવામાં આવી હતી.ત્યારે આ મુદ્દે હવે રાજકારણ ગરમાયું છે. આજે કોંગ્રેસના પ્રતિનિધી મંડળ દ્વારા રાજય પોલીસ વડાને આ અંગે રજુઆત કરવામાં આવી હતી. જેમાં મૂર્તિ બનાવનાર, મૂર્તિ લગાવનાર અને સાથે રહેનાર તમામ વ્યકિતઓ સામે દેશદ્રોહનો ગુનો નોંધવાની માંગ કરાઈ હતી.

## આ મામલે સરકાર સંવદેનશીલ છે : જીતુ વાઘાણી

રાજય સરકારના પ્રવકતા જીતુ વાઘાણીએ આ સમગ્ર મુદ્દે જણાવ્યું હતું કે સરકાર આ વિચારધારાને સમર્થન નથી કરતી, આ મામલે સંવેદનશીલ છે, યોગ્ય કાર્યવાહી માટે આદેશ આપવામાં આવ્યા છે.

મળતી વિગત મુજબ જામનગરમાં નથુરામ ગોડસેની પ્રતિમાનું અનાવરણ કરાયું હતું. ત્યારબાદ કોંગ્રેસ દ્વારા વિરોધ કરીને પ્રતિમા તોડી પાડી હતી. કોંગ્રેસે કહ્યું હતું કે આવા લોકો આતંકવાદી કરતા પણ ભુંડા છે. ભાજપ પણ આ બાબતે કોઈ પ્રતિભાવ નથી આપતું. જેથી દેશદ્રોહનો ગુનો લગાવવા અંગે રાજય પોલીસ વડાને આવેદનપત્ર પાઠવ્યું હતું.

જામનગરમાં નથુરામ ગોડસેની પ્રતિમા લગાવનાર દેશદ્રોહીઓ પર દેશદ્રોહનો ગુનો લગાવવો જોઈએ. મૂર્તિ બનાવનાર, લગાવનાર અને સાથે રહેનાર આ તમામ વ્યકિતઓએ દેશનુ અપમાન કર્યું છે. ત્યારે આ પ્રકારના વ્યકતિઓ આતંકવાદી કરતા પણ ભુંડા છે. જેથી દેશદ્રોહનો ગુનો લગાડી તેમની ધરપકડ કરવી જોઈએ. આ પ્રકારની મૂર્તિ લગાવનારા વ્યકિતઓ સામે દેશદ્રોહનો ગુનો દાખલ થવો જોઈએ તે અંગે રજુઆત કરી હતી. આ સમયે કોંગ્રેસના આગેવાનો મોટીસંખ્યામાં હાજર હતા.




ચૂંટણી ચિંતન - આગામી દિવસોમાં યોજાનાર ગ્રામપંચાયત અને વિધાનસભાની ચૂંટણીની રણનીતિ ઘડવા સંદર્ભે કમલમ્ ખાતે ભારતીય જનતા પક્ષની પ્રદેશ કારોબારીની બેઠક યોજાઈ હતી. જેમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, પ્રદેશ પ્રમુખ સી. આર. પાટીલ સહિત પ્રદેશ પદાધિકારીઓ અને કારોબારી સભ્યો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા...

# તાલીમ પ્રાપ્ત સૈનિકોના પ્રાપ્ત જ્ઞાનને રાષ્ટ્રસેવા માટે સમર્પિત કરવાની અભ્યર્થના વ્યકત કરતા રાજયપાલશ્રી



ગાંધીનગર, તા. ૧૭

રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતના અધ્યક્ષસ્થાને ભારતીય નૌસેના વાલસુરા ખાતે વિદ્યુત વિશેષજ્ઞતા પાઠ્યક્રમ ૧૭૫નો દીક્ષાંત સમારોહ ''પાસિંગ આઉટ પરેડ'' કાર્યક્રમ યોજાયો હતો. આ પરેડ કાર્યક્રમમાં ૩૬ અધિકારીઓને વિદ્યુતીય વિશેષજ્ઞતા પાઠયક્રમની ૯૪ સપ્તાહની પ્રોફેશનલ ટ્રેનિંગ પૂર્ણ કર્યા બાદ એમટેકની ઉપાધિ આપવામાં આવી હતી. આ ટ્રેનિંગમાં ભારતીય નૌસેનાના ૩૦ અધિકારી તેમજ મિત્ર દેશો બાંગલાદેશ, મ્યાનમાર, ઘાના, મોરેશિયસના ૬ આંતરરાષ્ટ્રીય અધિકારીઓ પણ સામેલ હતા. સમારોહમાં નૌસેનાના ૫૦ જવાનો દ્વારા રાજ્યપાલશ્રીને ગાર્ડ ઓફ ઓનર પ્રદાન કરવામાં આવ્યું હતું. રાજયપાલશ્રીએ વોર મેમોરિયલ ખાતે શ્રધ્ધા સુમન અર્પણ કર્યા હતા.

આ તકે રાજયપાલશ્રીએ પરેડમાં સંમિલિત જવાનોને ઉત્કૃષ્ટ અભ્યાસ માટે તેમજ તેમની કારકિર્દીમાં આ મહત્વપૂર્ણ ઉપાધિ મેળવવા બદલ અભિનંદન પાઠવ્યા હતા, સાથે જ રાજ્યપાલશ્રીએ ટ્રેનિંગ પ્રાપ્ત કરનાર સર્વે અધિકારીઓને પોતાના જ્ઞાનને રાષ્ટ્રસેવા માટે સમર્પિત કરવા, સત્યના માર્ગ પર ચાલવા તેમજ ધર્મના આચરણ સાથે પોતાની જવાબદારીને સમર્પણ ભાવનાથી નિભાવવાની અભ્યર્થના વ્યક્ત કરી હતી.

# આબુનો યુવક હેલિકોપ્ટરમાં જાન લઈ ડીસા પરણવા આવ્યો

**વરરાજાએ વધૂની ઈચ્છા પૂરી કરી : લગ્નમાં ૨૦ લાખનો ખર્ચ કરીને હેલિકોપ્ટર ભાડે કરીને ડીસાની હોટલના ગ્રાઉન્ડમાં હેલિકોપ્ટનું લેન્ડિંગ કરાયું**

ડીસા , તા.૧૭

રાજસ્થાનના આબુરોડમાં રહેતો યુવક હેલિકોપ્ટરમાં જાન લઈને ડીસા પરણવા આવ્યો હતો. ડીસા ખાતે હેલિકોપ્ટરમાં જાન આવી હોવાના સમાચાર વાયુવેગે પ્રસરતા જોવા માટે લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર રાજસ્થાનના આબુરોડ ખાતે રહેતા માલી સમાજના પરિવારે શાહી લગ્ન કર્યા છે. મીડિયા રિપોર્ટ મુજબ રાજસ્થાનના માળી પરિવારનો સુરેન્દ્ર રાઠોડ પોતાની જાન હેલિકોપ્ટરમાં લઈને બનાસકાંઠાના જિલ્લાના ડીસા ખાતે આવ્યા હતા. હેલિકોપ્ટરમાં જાન આવતા આસપાસના લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા.

અહેવાલો અનુસાર ડીસાની યુવતી હની પઢિયારની જીદ હતી કે તેનો થનાર પતિ લગ્ન કરવા માટે હેલિકોપ્ટરમાં જાન લઈને આવે. જેથી સુરેન્દ્ર રાઠોડ તેમની ફિયાન્સી હિનાની જીદ પૂરી કરવા માટે રાજસ્થાનની લગ્નમાં ૨૦ લાખનો ખર્ચ કરીને હેલિકોપ્ટર ભાડે કરીને ડીસાની હોટલના ગ્રાઉન્ડમાં હેલિકોપ્ટનું લેન્ડિંગ કરાયું હતું.

ઉલ્લેખનીય છે કે, જૂનમાં સૌરાષ્ટ્રના નાના એવા ગામમાં પણ એક યુવક હેલિકોપ્ટરમાં જાન લઈને પરણવા આવ્યો હતો. મીડિયા રિપોર્ટ મુજબ દેવભૂમિ દ્વારકાના ભાણવડ તાલુકાના સણખલા ગામમાં હેલિકોપ્ટરમાં લગ્નની જાન આવી પહોંચતા મોટી સંખ્યામાં ગ્રામજનો જોવા માટે ઉમટી પડ્યા હતા. એટલું જ નહીં, જાન આવતાની સાથે વરરાજા પર પૈસાનો વરસાદ કરવામા આવ્યો હતો

# ગ્રંથપાલ વગર કેવી રીતે ''વાંચે ગુજરાત ?''

**રાજ્યમાં ગ્રંથપાલની ખાલી જગ્યાઓ ભરવા બેરોજગાર ગ્રંથપાલોની માંગ**

ગાંધીનગર, તા. ૧૭

ગુજરાતની શાળા-કોલેજોમાં છેલ્લા ૨૩ વર્ષથી એક પણ શાળા-કોલેજમાં ગ્રંથપાલની ભરતી કરવામાં આવી નથી. જેના પગલે રાજ્યના ૧૬૨ તાલુકામાં ગ્રંથ, ગ્રંથાલય કે ગ્રંથપાલ ના હોય તેવી પરિસ્થિતિ પેદા થવા પામી છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ વર્ષના યુજીસીના એનએએસી એક્રિડેશન ગ્રેડમાં ગુજરાતની એક પણ યુનિવર્સિટીને સ્થાન મળ્યુ નથી જેના પાછળ છેલ્લાં દર વર્ષથી ગુજરાત સરકારની શિક્ષણ ક્ષેત્રે કથળેલી નીતિ જવાબદાર હોવાનું રાજ્યના બેરોગાર ગ્રંથપાલો દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે. ગુજરાતના મહિલા ગ્રંથપાલો દ્વારા ૭૯મું આવેદનપત્ર આપવા છતાં હજુ પણ સરકાર દ્વારા ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવતી નથી તેવું જણાવતા રાજ્યના બેરોજગાર ગ્રંથપાલો દ્વારા દેશના ભાવિ વિદ્યાર્થીઓનું જીવન જ્ઞાનવાન બનાવવા ગ્રંથપાલો યોગદાન આપી શકે તે માટે ખાલી પડેલ જગ્યાઓને સત્વરે ભરવા માંગ કરી છે.

# રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના કુલ ૫૪ કેસ નોંધાયા

**૧૬ દર્દીઓ પણ સાજા થયા : અત્યાર સુધીમાં કુલ ૮,૧૬,૬૮૭ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી : કોરોના રિકવરી રેટ ઘટીને ૯૮.૭૪ ટકા**

ગાંધીનગર, તા.૧૭

ગુજરાતમાં કોરોનાના નવા ૫૪ કેસ નોંધાયા હતા. તો બીજી તરફ ૧૬ દર્દીઓ પણ સાજા થયા હતા. જેના પગલે રાજ્યનો કોરોના રિકવરી રેટ ઘટીને ૯૮.૭૪ ટકાએ પહોંચી ગયો હતો. અત્યાર સુધીમાં કુલ ૮,૧૬,૬૮૭ દર્દીઓ કોરોનાને મ્હાત આપી ચુક્યા છે. તો બીજી તરફ ૪,૨૫,૭૨૧ રસીના ડોઝ આજના દિવસમાં અપાયા હતા. જો કે ધીરે ધીરે કોરોનાના વધી રહેલા આંકડા રાજ્ય સરકાર અને નાગરિકોની ચિંતા વધારી રહ્યા છે.

રાજ્યમાં ૨૯૧ કોરોનાના એક્ટિવ કેસ છે. જે પૈકી ૦૮ નાગરિકો વેન્ટિલેટર પર છે. જ્યારે ૨૮૩ નાગરિકો સ્ટેબલ છે. ૮,૧૬,૬૮૭ નાગરિકો અત્યાર સુધીમાં કુલ ડીસ્ચાર્જ થઇ ચુક્યા છે.

અમદાવાદ કોર્પોરેશન અને અમદાવાદમાં ૨૮ કેસ સામે આવ્યા છે. સુરત કોર્પોરેશન ૪, વડોદરા કોર્પોરેશન ૪, સુરત ૩, વડોદરા ૩, કચ્છ, રાજકોટ કોર્પોરેશન, વલસાડમાં ૨-૨ કેસ નોંધાયા હતા. ભરૂચ ૧, જામનગર, જુગાનઢ કોર્પોરેશન, નવસારી, રાજકોટ અને તાપીમાં ૧-૧ કેસ નોંધાયા હતા.

રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. રાજ્યમાં હેલ્થકેર વર્કર અને ફ્રન્ટલાઈન વર્કર પૈકી ૫ ને રસીનો પ્રથમ જ્યારે ૨૧૭૫ ને રસીનો બીજો ડોઝ આપવામાં આવ્યો હતો.

## સ્થિતિ વણસી

● અનુસંધાન પહેલાનું ચાલુ

વિચારવું જોઈએ. જ્યારે કેન્દ્ર વતી હાજર તુષાર મેહતાએ કહ્યું હતું કે દિલ્હી સરકાર પગલા લઈ રહી છે. બાંધકામ કાર્યને અટકાવવામાં આવ્યું છે. પરાળી સળગાવવા મુદ્દે હરિયાણા સરકારે પણ કેટલાક નિર્ણયો લીધા છે. જોકે કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં કહ્યું હતું કે દિલ્હીના પ્રદુષણનું મુખ્ય કારણ ખેડૂતો દ્વારા સળગાવાતી પરાળી નથી.

## ગાંગુલી

● અનુસંધાન પહેલાનું ચાલુ

અને એ પછી ક્રિકેટ બોર્ડના અધ્યક્ષ તરીકે પણ તેઓ ફરજ બજાવી રહ્યા છે.તેમનો ક્રિકેટ અને વહિવટકર્તા તરીકેનો અનુભવ આઈસીસીને કામ લાગશે. આઈસીસી દ્વારા હલે મહિલા ક્રિકેટ માટે પણ આ જ પ્રકારની એક કમિટિ બનાવવામાં આવી છે.સાથે સાથે અફઘાનિસ્તાનમાં તાલિબાનના શાસન બાદ તેની ક્રિકેટ પરિસ્થિતિઓની સમીક્ષા કરવા માટે પણ એક ગ્રુપ બનાવવામાં આવ્યુ છે.

## મારપીટ

● અનુસંધાન પહેલાનું ચાલુ

જયપુર, અજમેરથી લઈને તામિલનાડુના કોઈમ્બતુર જેવા શહેરો પણ સામેલ છે.

સીબીઆઈની ટીમ ઓડિશાના ઢેંકનાલ ખાતે ઓનલાઈન બાલ શોષણ કેસમાં કાર્યવાહી કરવા માટે પહોંચી હતી. ટીમે સવારના ૭:૦૦ વાગ્યા આસપાસના સમયે ઢેંકનાલ ખાતે સુરેન્દ્ર નાયકના ઘરે દરોડો પાડ્યો હતો. સીબીઆઈની ટીમ બપોર સુધી પુછપરછ કરતી રહી હતી. આ દરમિયાન કોઈ વાતને લઈ સ્થાનિક લોકો ભડકી ઉઠ્યા હતા અને તેમણે ટીમ પર હુમલો કરી દીધો હતો.

જાણવા મળ્યા મુજબ મહિલાઓએ પણ લાકડાના પાટિયાઓ સાથે સીબીઆઈ અધિકારીઓને ઘેરી લીધા હતા. ત્યાર બાદ તેમના સાથે મારપીટ પણ કરવામાં આવી હતી. ટોળાએ કથિત રીતે સીબીઆઈ અધિકારીઓ પર હુમલો કરતા પહેલા તેમને નાયકના ઘરમાંથી બહાર ખેંચી કાઢ્યા હતા. ત્યાર બાદ તેમના સાથે મારપીટ કરવામાં આવી હતી. સીબીઆઈએ ૧૪ નવેમ્બરના રોજ ઓનલાઈન બાલ શોષણ મામલે ૮૩ આરોપીઓ વિરૂદ્ધ ૨૩ અલગ અલગ કેસ નોંધ્યા હતા. આ મામલે મંગળવારે સીબીઆઈએ ૧૪ રાજ્યના ૭૭ સ્થળોએ એકસાથે દરોડા પાડ્યા હતા. તેમાં દિલ્હીના ૧૯, યુપીના ૧૧, આંધ્ર પ્રદેશના ૨, ગુજરાતના ૩, પંજાબના ૪, બિહારના ૨, હરિયાણાના ૪, ઓડિશાના ૩, તમિલનાડુના ૫, રાજસ્થાનના ૪, મહારાષ્ટ્રના ૩, છત્તીસગઢ, મધ્ય પ્રદેશ અને હિમાચલ પ્રદેશના ૧-૧ જિલ્લાઓ સહિત ૭૭ જગ્યાઓએ દરોડો પાડવામાં આવ્યો હતો.

## પેચવર્ક કરાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ફરતે ગ્રીલને કલર કરાશે. વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી નગરના મુખ્ય ઘ માર્ગ પર સ્થિત અન્ડર પાસના સર્વિસ રોડનુ કામ પણ શરૂ કરી દેવાયુ છે. જયારે ગ માર્ગ પર અન્ડર પાસ બનાવાની કામગીરી પણ ઝડપથી પુર્ણ કરવા માટે સુચના આપવામાં આવી છે. શહેરમાં વાઈબ્રન્ટ સમિટ દરમિયાન નગરને દુલ્હનની જેમ શણગારવમાં આવે છે પરંતુ આ વર્ષે કોવિડના કહેર વચ્ચે હજુ અસમંજસની સ્થિતિ છે. જેને અનુલક્ષી તંત્ર પણ પુરતુ જોર લગાવીને તૈયારી કરવાના મુડમાં ન હોવાનુ સ્પષ્ટ થઈ રહ્યુ છે. શહેરના તમામ માર્ગોના પેચવર્ક માટે રૂ ૩ કરોડના ખર્ચેને મંજુરી આપવામાં આવી છે.

## ગ્રામયાત્રા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લેવામાં આવનાર છે. ૧૧ જેટલા વિભાગોને સાંકળી વિવિધ વિકાસ કામોનું લોકાર્પણ, ખાતવિધિ તેમજ યોજનાકીય લાભોનું વિતરણ કરવામાં આવનાર છે.

ગાંધીનગર તાલુકાની ૮ બેઠકના ૪૪ ગામ, દહેગામ તાલુકાની ૭ સીટના ૪૦ ગામ, કલોલ તાલુકાની ૬ સીટના ૩૬ ગામ તથા માણસાની ૭ સીટના ૩૦ ગામોને આ યાત્રા દરમ્યાન સાંકળી લેવામાં આવનાર છે. યાત્રા અંગેની તમામ તૈયારીઓ પૂર્ણ થઈ ગઈ હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

## લાગણીનો મેળો

● અનુસંધાન ચોથાનું ચાલુ...

દોસ્તો, બાળક સાથે બુદ્ધિ કે તર્ક નહીં પણ લાગણીનું જ આદાનપ્રદાન કરીએ. એક વાત એ સમજી કે આપણે ગમે તેટલાં ઊંચા કે લાંબા હોઈએ પણ બાળકને ઊંચકવા માટે તો બાળક જેટલા જ નીચા નમવું પડે ને ! આ જ ટચૂકડું સત્ય સમજીએ તોયે ઘણું.... અંતે કવિશ્રી સુરેશ દલાલની પંક્તિઓ ટાંકવાનું મન થાય....

'દાદાની આંગળીએ ચાલી બચપણ કેવું મ્હોરે;
માડીની મમતા - પ્યાલીથી હૃદય ફૂલ થઈ ફોરે;
જળ સિંચીને તુલસીક્યારો હુંયે રોજ ઊછેરું;
ચંચળ મનને ગમે ઝરણ ને ગમે અચળ આ મેરું.'

**સ્પર્શમણિ :**

'બાળક જે માગે તે નહિ, એને જે ઘટે તે આપો.'
- ગાંધીજી

'બાળકોને પણ આબરૂ હોય છે. ફજેતીથી તેઓ કરમાઈ જાય છે. મોટેરાં કરતાં બાળકોમાં સ્વમાનની લાગણી તીવ્ર હોય છે.'
- કાકા કાલેલકર

● ● ●

બાળકને તમારો પ્રેમ આપો, તમારા વિચારો નહીં
- ખલીલ જિબ્રાન

- rasikvaland1965@gmail.com
Mo. 9913426949

# આશ્રમમાંથી ગુમ વિજયનો એકાંતવાસમાં ગયાનો ખુલાસો

**અમદાવાદ આસારામ આશ્રમ ફરી વિવાદમાં : વિજય યાદવ નામના શખ્સે મેઈલ કરીને જાતે જ આશ્રમ છોડ્યાની અને યોગ્ય સમયે પાછા ફરવાની વાત કરી**

અમદાવાદ , તા.૧૭

શહેરના મોટેરા વિસ્તારમાં આવેલા આસારામ આશ્રમમાંથી યુવક રહસ્યમય રીતે ગુમ થવાના કેસમાં નવો વંળાક આવ્યો છે. ટીવી રિપોર્ટ અનુસાર ગુમ થયેલા વિજય યાદવે ઈ-મેઈલ કરીને તે પોતાની મરજીથી એકાંતમાં જઈ રહ્યો છું, જેથી આશ્રમ પર ખોટા આક્ષેપો ન કરવામાં આવે તેવું જણાવ્યું હોવાનું સામે આવ્યું છે.

રિપોર્ટ અનુસાર ગુમ થયેલા યુવકે મેઈલમાં જણાવ્યું છે કે, મે મારી મરજીથી નિર્ણય લીધો છે. જેમા કોઈનો દોષ નથી. યુવકે આગળએવું પણ જણાવ્યું છે કે, કે આશ્રમ પર કોઈ આક્ષેપો ન લગાડતા, હુ સમય આવતા પાછો આવી જઈશ.

ઉલ્લેખનીય છે કે, ૩ નવેમ્બરના રોજ ૨૭ વર્ષીય વિજય યાદવ હૈદરાબાદના મિત્રો સાથે આસારામ આશ્રમ આવ્યો હતો. ત્યારબાદથી તે રહસ્યમય રીતે ગુમ થયો હોવાની ચોંકાવનારી વિગતો બહાર આવી હતી. જેથી યુવતના માતા-પિતાએ આસારામ આશ્રમનો સંપર્ક કરતા કોઈ યોગ્ય જવાબ ન મળ્યો નહોતો. જેથી પરિવાર સાબરમતી પોલીસ સ્ટેશનમાં જાણ કરતા તપાસ હાથ ધરવામાં આવી હતી.

**કાર્યપાલક ઈજનેર અરવલ્લી પંચાયત મા.મ. વિભાગ, મોડાસા**
**જાહેર નિવિદા નં. ૧૧-૦૧/૨૦૨૧-૨૨**

કાર્યપાલક ઈજનેરશ્રી અરવલ્લી પંચાયત મા.મ. વિભાગ મોડાસા (ફો.નં. ૦૨૭૭૪-૨૫૦૦૨૦) દ્વારા જિલ્લા પંચાયત બિલ્ડીંગના સફાઈના કામ જેની અંદાજીત કિંમત ૧૧.૧૫ લાખ થવા જાય છે. જે માટે માન્ય શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારશ્રીઓ પાસેથી ઓનલાઈન ઈ-ટેન્ડરીંગ સીસ્ટમથી ટેન્ડરો માંગવામાં આવે છે. જે વેબસાઈટ www.rnb.nprocure.com ઉપર તા. ૧૮/૧૧/૨૦૨૧ થી ૩૦/૧૧/૨૦૨૧ સુધીમાં ટેન્ડરો ઓનલાઈન ભરવાના રહેશે. નોટીસ અંગેની માહિતી ઉપરોક્ત વેબસાઈટ પર તથા માહિતી વિભાગની વેબસાઈટ www.statetenders.gujarat.gov.in ઉપર જોવા મળશે. આ કામો અંગેની વધુ વિગતો કામકાજના દિવસો દરમિયાન ઉપરોક્ત કચેરીના નોટીસ બોર્ડ તેમજ રૂબરૂ સંપર્ક સાધવાથી મળી શકશે.

નામાનિ/હિંમત/૪૨૬/૨૦૨૧




**અટક બદલેલ છે**

મારું નામ આહિર શિવનારાયણ બલદેવભાઈ હતું તે બદલીને યાદવ શિવનારાયણ બલદેવભાઈ રાખેલ છે.

**સરનામું**
**બલદેવસિંહ યાદવ**
**ડેરી વાસ, કોબા, ગાંધીનગર**
**મો. ૮૮૪૯૬૩૭૭૫૯**